# પત્રક ભાગ−૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**બુધવાર , ૧૯ નવેમ્બર ,૨૦૨૫**

## ૩૩૫.અંદાજ સમિતિની બેઠકઃ

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૧૫/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૧૨−૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ−૨માં મળી હતી. સમિતિની આ બેઠકમાં સમિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મૂળ સાહિત્યની તા.૦૧/૦૭/૨૦૨૫ની બેઠકમાં અધૂરી રહેલ તપાસ હાથ ધરી હતી. ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ પી.એમ.જે.વાય.યોજના, વય વંદના યોજના, જન્મ−મરણ અને લગ્ન નોંધણીની કામગીરી, સરકારી તેમજ બિનસરકારી હોસ્પિટલો અને તેનું મહેકમ, પી.એચ.સી અને સી.એચ.સી. દવાખાના, રોગી કલ્યાણ સમિતિ, સરકારી તેમજ સ્વનિર્ભર ખાનગી મેડિકલ કોલેજો, નર્સિંગ કોલેજો, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, સરકારી આયુર્વેદિક હોસ્પિટલોની કામગીરી તેમજ વિભાગને ફાળવવામાં આવેલ બજેટ તેના મહેકમ અને થયેલ ખર્ચમાં રહેલ વિસંગતતા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૨−૧૩ કલાકે પૂરી થઇ હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડયા
સચિવ
ગુજરાત વિધાનસભા